णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# સદ્ગુરુ

## પરમ પર્વ

વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવશ્રી **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના
આલંબને ગુરુતત્ત્વનો સાક્ષાત્કાર

પ્રિયમ્

**अहो श्रुतम्**

**શા. બાબુલાલ સરેમલજી**

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,


સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

ahoshrut.bs@gmail.com

અષાઢ, વિ.૨૦૭૭

ઓગષ્ટ, ૨૦૨૧

# યાદ આવે મોરી મા



બાળક કદી ખોળામાંથી નીચે ઉતર્યો જ ન હતો.
એને એટલી જ ખબર છે કે
મા એને જમીન પર મુકીને ક્યાંક ગઈ છે,
એ પાછી આવશે ને ફરી એને ખોળો લઈ લેશે
એને જમીન બિલકુલ ફાવતી નથી.

# *Finest Festival*

અનાદિની આ ભવયાત્રામાં
અનંત પર્વો આવી ગયા
અને અનંત પર્વો આવીને જતા રહેશે
એટલા માત્રથી આત્માનું કલ્યાણ નહીં થાય
આત્માનું કલ્યાણ થશે નિશ્ચય પર્વથી

**સદ્ગુરુ**
**એ નિશ્ચય પર્વ હોય છે.**
**એ છે તો વગર પર્વે પણ પર્વ છે**
**એ નથી**
**તો પર્વે પણ પર્વ નથી.**

પર્વના પર્વત્વનો પુરાવો સદ્ગુરુ હોય છે.
પર્વને એકાન્તિક અને આત્યન્તિક બનાવનાર
સદ્ગુરુ હોય છે.
જીવનમાં સદ્ગુરુ આવે
એથી મોટું પર્વ બીજું કોઈ જ નથી.
**એ આવી રહ્યું છે.**
**આપણે ફાવી જઈએ.**


એક વ્યવહારતિથિ હોય છે. જેને જ્યોતિષની અપેક્ષા હોય છે. એક નિશ્ચયતિથિ હોય છે. જેને જ્યોતિની અપેક્ષા હોય છે. વ્યવહાર ચોમાસી ચૌદશ **જ્યોતિશ્ચક્ર**ના ભ્રમણથી જ આવી જાય છે. નિશ્ચય ચોમાસી ચૌદશ જ્યોતિના પ્રાગટ્ય વિના આવી શકતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો જ્યોતિ એ જ નિશ્ચયતિથિ છે. જ્યોતિનો સીધો અર્થ છે સદ્‌ગુરુ.

સદ્‌ગુરુ એ નિશ્ચય પ્રવેશ છે. જ્યાં ઈર્યાસમિતિનો ઈન્દ્રધ્વજ છે, હૈયાધારણના હાથી છે. અલગારિતાના અશ્વો છે. મહાનંદની મંડળીઓ છે. સમતાની શરણાઈઓ છે. સાધનાની સૂરાવલીઓ છે, નિજાનંદના નગારા છે, નિર્ગ્રન્થતાનું નૃત્ય છે. સંયમના સાજન-મહાજન છે, ગરિમાની ગહૂલીઓ છે, વ્રતશુદ્ધિના વધામણા છે, સૌહાર્દનું સ્વાગત છે. પરિણતિનું પ્રવચન છે, પ્રશમની પ્રભાવના છે અને જિતેન્દ્રિયતાનો જમણવાર છે.

**સદ્‌ગુરુ એ નિશ્ચય ચોમાસી ચૌદશ છે. જીવનમાં સદ્‌ગુરુ આવે એટલે ચોમાસુ બેસી જાય છે. અંતરનો ઉકળાટ શમી જાય છે, અંતરની ઉજ્જડ ભૂમિ ઉપવન બની જાય છે. અનાદિની તરસ તૃપ્તિમાં પરિણમે છે.**

સદ્‌ગુરુ એ નિશ્ચય પર્યુષણ છે. જીવનમાં સદ્‌ગુરુનું આગમન થાય એટલે આત્મા આત્મામાં ઠરી જ જાય છે. સદ્‌ગુરુનું આગમન થાય એટલે અટ્ઠાઈ મહોત્સવ આજીવન બની જાય છે. સદ્‌ગુરુનું આગમન થાય એટલે આઠ ભવોથી વધુ સંસાર હોતો નથી ને એ આઠે ભવો ધર્મથી રંગાયેલા હોય છે.

સદ્‌ગુરુ એ નિશ્ચય સંવત્સરી છે. સદ્‌ગુરુ જીવનમાં આવે એટલે બ્રહ્મનું બારસાસૂત્ર ગુંજવા લાગે છે. ભવોભવના પાપોનું પ્રતિક્રમણ થઈ જાય છે. સંવત્સરી એ ધાર્મિક વર્ષની સમાપ્તિ છે, સદ્‌ગુરુ એ ભવચક્રની સમાપ્તિ છે.



સદ્‌ગુરુ એ નૈશ્ચયિક શાશ્વતી ઓળી છે. નવપદના નવે પદોનું હાર્દ સદ્‌ગુરુ




છે. સદ્ગુરુની બાદબાકી નવે પદની બાદબાકી છે. સદ્ગુરુનો સરવાળો નવે પદનો સરવાળો છે. સદ્ગુરુ કર્મોની શાશ્વતી હોળી બને છે. અનંતા આત્માઓ આ હોળીમાં સર્વ કર્મોને બાળીને પરમ પદ પામ્યા છે. સદ્ગુરુ નૈશ્ચયિક આયંબિલ છે. જેમાં વિભાવોની વિગઈઓનો ત્યાગ થઈ જાય છે. સદ્ગુરુ નૈશ્ચયિક પ્રદક્ષિણા છે. જેમાં આત્મા જિનાજ્ઞાને અનુકૂળ જ રહે છે. સદ્ગુરુ નૈશ્ચયિક સ્વસ્તિક છે. જે મોક્ષમાર્ગમાં પગલે પગલે મંગળ અર્પે છે. સદ્ગુરુ નૈશ્ચયિક કાયોત્સર્ગ છે. જેમાં દેહાધ્યાસ પાસે ઉત્સર્ગ પામવાનો એક જ વિકલ્પ બચ્યો હોય છે. સદ્ગુરુ નૈશ્ચયિક જાપ છે. જ્યાં વિશ્વભરના મન્ત્રોના જાપનું ફળ સ્વતઃ સિદ્ધ થાય છે. સદ્ગુરુ એ સિદ્ધચક્રપૂજન છે. જે બાહ્ય અને આંતર અભ્યુદયોનું આમંત્રણ બને છે.

**સદ્ગુરુ એ નૈશ્ચયિક દિવાળી છે. જે કળિકાળની કાળી રાતે ય અજવાળા પાથરે છે. જે મોઢું જ નહીં આત્માના પ્રદેશે પ્રદેશને મીઠો બનાવી દે છે. જે આત્માના આંગણે જિનાજ્ઞાના રંગની રંગોળીઓ ભરે છે. ને કષાયોના જુના-પુરાણા લઘર-વઘર કપડાથી મુક્તિ અપાવી વિરતિના નવા વસ્ત્રો પહેરાવે છે.**

સદ્ગુરુ એ નૈશ્ચયિક નૂતન વર્ષ છે. સદ્ગુરુ સમગ્ર ભવચક્રની નવલી સવાર બને છે. સદ્ગુરુથી વધુ અપૂર્વ વિશ્વમાં બીજું કશું જ નથી. સદ્ગુરુ નથી મળ્યા, ત્યાં સુધી એનું એ જુનું વર્ષ જ ફરી ફરી આવતું હોય છે. સદ્ગુરુ પોતે નવું વર્ષ બનીને આપણા જીવનમાં આવે છે.

સદ્ગુરુ એ નૈશ્ચયિક જ્ઞાનપંચમી છે, જે સમ્યગ્દર્શન આપવા દ્વારા

મતિ-શ્રુત અજ્ઞાનને જ્ઞાનમાં ફેરવી દે છે. જેમના વિનયમાં ચૌદ પૂર્વનું બીજ સમાયેલું છે. પરમાવધિજ્ઞાન જેમની સહજ- અવધિમાં-પહોંચમાં રહેલું છે. મનઃપર્યવજ્ઞાનનો આધાર સંયમ હોય છે. સંયમનો આધાર સદ્‌ગુરુ હોય છે. કેવળજ્ઞાન જાણે અનાદિનું પ્રગટ થવા મથી રહ્યું હોય છે. સદ્‌ગુરુના આગમનની સાથે એ પ્રગટ થઈ જાય છે. જાણે એ એની જ રાહ જોતું હોય છે.



સદ્‌ગુરુ નૈશ્ચયિક પરાવર્તન હોય છે. એ મળે ને બધું જ ફરી જાય છે.

**સદ્‌ગુરુ મળ્યા એટલે બધું મળ્યું. સદ્‌ગુરુ નથી મળ્યા તો કશું નથી મળ્યું. આપણી પાસે પર્વો ને અવસરો નથી હોતા, અવસરોના ચિત્રો હોય છે. ચિત્રો જીવંત બની શકે, બોલી શકે, સક્રિય થઈ શકે. એમનાથી આપણું કામ થઈ શકે. બધું જ થઈ શકે, શરત એટલી કે એમનામાં સદ્‌ગુરુનું ચૈતન્ય ઉમેરાય. આપણે દર વર્ષે ચૈતન્યશૂન્ય ચિત્રો લઈને બેસીએ છીએ. આપણી પાસે ક્રિયાઓ, તપસ્યાઓ, અનુષ્ઠાનો, પ્રવચનશ્રવણો બધું જ છે, પણ ચિત્રસ્વરૂપ છે, આપણી કાયમી ફરિયાદ છે. કેમ હજી સુધી આત્માનું હિત નથી થતું ? કેમ હજી અમારું ઠેકાણું નથી પડતું ? જ્ઞાનીઓનો પ્રતિપ્રશ્ન છે - ચિત્રની ભાખરીથી પેટ ભરાય ખરું ?**

આપણે અસંતુષ્ટ છીએ, અધુરા છીએ, આપણે સંતુષ્ટ હોઈએ તો વધુ અધુરા છીએ. આપણે ચિત્રનું ઘર નથી ચલાવતા, ચિત્રનું રસોડું નથી ચલાવતા, ચિત્રનો ધંધો નથી ચલાવતા, ચિત્રની પિકનિક નથી મનાવતા પણ ચિત્રનો ધરમ ચલાવે રાખીએ છીએ. આપણને ભવભ્રમણ ફાવે છે, નરક-નિગોદ ફાવે છે. ૮૪ લાખની રખડપટ્ટી ફાવે છે. એક સદ્‌ગુરુ ફાવતા નથી. આપણે રખડીએ છીએ. અનંતકાળે માંડ કંઈક ઉપર આવીએ છીએ.

ચિત્રનો ધરમ કરીએ છીએ. એનો ફાયદો ન થતા એને જ ભાંડીએ છીએ ને પાછા રખડતા થઈ જઈએ છીએ.

સદ્ગુરુ એ ચૈતન્ય છે, સદ્ગુરુ સિવાયનું બધું જ મડદું છે. આપણે વિક્રમ રાજાની જેમ મડદું ઉપાડીને ચાલીએ છીએ. એમાં વિકૃતિનો વેતાળ આવે છે, ને છેવટે મડદું ય રવાના થઈ જાય છે. મડદું વધુમાં વધુ શું આપી શકે ? બોજો આપી શકે, કાયક્લેશ આપી શકે, થાક અને હાંફ આપી શકે, એથી વધું શું આપી શકે ? સદ્ગુરુ એ દરેક પર્વનું પર્વત્વ છે, સદ્ગુરુ એ દરેક સાધનાનું સાધનાત્વ છે, સદ્ગુરુ એ દરેક સાધકનું સાધકત્વ છે, સદ્ગુરુ એ દરેક શાસ્ત્રનું શાસ્ત્રત્વ છે. મોક્ષમાર્ગે મુકાતા દરેક પગલાની ગતિ સદ્ગુરુ છે. દરેક તપસ્યાના પચ્ચક્ખાણનો ભાવ ઉચ્ચાર સદ્ગુરુ છે. દરેક આચારની નૈશ્ચયિક ચર્ચા સદ્ગુરુ છે.

**આપણે મોક્ષે જવું છે, પણ સદ્ગુરુ નથી જોઈતા. આપણે જટિલ વિકટ જંગલ વટાવવું છે પણ ભોમિયો નથી જોઈતો. આપણે જીવલેણ રોગમાંથી તદ્દન સાજા થવું છે. પણ ડોક્ટર નથી જોઈતા. આપણે કેસ જીતવો છે, પણ વકીલની કોઈ જરૂર નથી. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ – આ આદેશ કહે છે કે સદ્ગુરુની ઈચ્છા એ દરેક સાધનાનું ઉદ્ગમબિન્દુ છે. જીવનમાંથી સદ્ગુરુની બાદબાકી, એમની ઈચ્છાના અનુસરણની બાદબાકી એ હકીકતમાં સાધનાની જ બાદબાકી છે એટલું સરળ તથ્ય હજી આપણને સમજાતું નથી.**



આ સાત દિવસ આપણે પ્રયાસ કરવો છે. સદ્ગુરુમય બની જવાનો. મોક્ષે જવું હોય, મોક્ષમાર્ગ પર પગ પણ મુકવો હોય, તો આપણે પહેલું કામ આ કરવા જેવું છે.

**भववार्धिं तितीर्षन्ति, सद्गुरुणा विनाऽपि ये**
**जिजीविषन्ति ते नूनं, नन्वायुष्कर्मवर्जिताः ।**

## *જેઓ સદ્‌ગુરુ વિના ભવસાગર તરી જવા ઈચ્છે છે.*
## *તેઓ આયુષ્ય કર્મ વિના જીવન જીવવા ઈચ્છે છે.*

આ સપ્તાહમાં સદ્‌ગુરુની વાત કરવી છે. ગુરુદેવશ્રીના ગુણો આવશે. એમના જીવનની પ્રેરક ઘટનાઓ આવશે, પણ વાત તો સદ્‌ગુરુની જ હશે. તમે જેમને પણ ગુરુ માનતા હો એમની હશે, ત્રણે કાળના સર્વ કર્મભૂમિઓના અનંતાનંત સદ્‌ગુરુઓની હશે.


છગને મગનને કહ્યું, ''તને બંગાળી ભાષા લખતા વાંચતા આવડે છે ?'' મગને કહ્યું, ''લખતા આવડે છે, વાંચતા નથી આવડતી.'' છગન કહે, ''લખી બતાવ.'' મગને અગડમ બગડમ કંઈક લખ્યું, છગન કહે, ''આ વળી શું લખ્યું છે ?'' મગન કહે, ''મને વાંચતા નથી આવડતું.''

આપણી દશા આવી છે, આપણને બોલતા આવડે છે, સાંભળતા નથી આવડતું. બોલવામાં આપણે ખૂબ ઉત્સાહી છીએ, સાંભળવાની



આપણી કોઈ તૈયારી નથી. આપણે બીજાનું તો કાંઈ સાંભળવા તૈયાર નથી. આપણું પોતાનું ય સાંભળવા તૈયાર નથી. આપણે ઘણું સારું સારું બોલી શકીએ છીએ, બોલ્યા ય છીએ, આપણે ઘણાને ઘણા ઉપદેશો આપ્યા છે. આપણે એટલાનો ય અમલ કરીએ તો આપણું કલ્યાણ થઈ જાય, પણ એવું ન થયું, કારણ કે આપણે આપણું ય સાંભળવા માંગતા નથી. મગનને લખતા આવડતું હતું, વાંચતા નહીં, આપણને બોલતા આવડે છે,

સાંભળતા નહીં. આપણે બોલવામાં એટલા વ્યસ્ત છીએ કે આપણી પાસે સાંભળવાનો અવકાશ જ નથી. આપણે વાણીથી બોલીએ છીએ, વાણીથી ન બોલતા હોઈએ ત્યારે વિચારોથી બોલતા હોઈએ છીએ. બોલ્યા સિવાય આપણને ફાવતું નથી.



**સદ્ગુરુ આપણી નૈશ્ચયિક મૌન અગિયારસ હોય છે. સદ્ગુરુ જીવનમાં આવે એટલે આપણી બોલતી બંધ થઈ જાય છે, અને સાંભળવાનું શરૂ થઈ જાય છે. વાણી બંધ, વિકલ્પો બંધ ફક્ત શ્રવણ. આનું નામ શિષ્યત્વ. સદ્ગુરુ જીવનમાં આવે છે ત્યારે ઈન્દ્રિયો મૌન થઈ જાય છે, એમની વિષયોની દોટ શમી જાય છે, સદ્ગુરુ જીવનમાં આવે છે, ત્યારે કષાયો મૌન થઈ જાય છે, યા એ જાગતા જ નથી, કદાચ જાગી જાય, તો ચૂં ચા કરી શકતા નથી.** સદ્ગુરુ જીવનમાં આવે અને સુખશીલતા મૌન થઈ જાય છે.

કદાચ આ રીતે આપણે સ્પષ્ટ નહીં સમજી શકીએ... ચાલો ગુરુદેવના આલંબને સમજવાનો પ્રયાસ કરીએ.

રાજસ્થાનના અમારા વિહારો હતા. એક સ્થાનમાં અમે પહોંચ્યા. સ્વાધ્યાયમાં લાગ્યા. બપોર થઈ મહાત્માઓ ગોચરી માટે નીકળ્યા. રાજસ્થાનમાં દાળ-ભાતનું ચલણ નહીં. શાક પણ યા ન હોય યા બહુ લિમિટેડ હોય, ગોચરી આવી ગઈ. ગુરુદેવના વિશાળ પરિવારની ટોટલ ગોચરીમાં ટોટલ જે દાળ આવી હતી, તે એક વાટકી જેટલી હતી.

પીરસનાર મહાત્મા આગ્રહ કરી કરીને થાક્યા, કોઈએ એ દાળ લીધી નહીં. રાજસ્થાનની જાડી રોટલી... બધાના મોઢામાં ચવાઈ રહી છે. સાથે કાંઈ ન હોય એટલે વધારે ચવાય... દાળ સામે જ છે. એમ ને એમ પડી છે, કોઈ લેવા તૈયાર નથી. દરેક મહાત્માની ઈચ્છા છે કે બીજા મહાત્મા વાપરે, આ દરેકની ઈચ્છા છે માટે કોઈની ઈચ્છા પૂરી નથી થતી. ગોચરી વપરાતી જાય છે. વપરાતી જાય છે, દાળ રાહ જોઈ રહી છે, કોઈક તો મને સ્વીકારે. દાળ કોઈએ ન લીધી. બધા હવે ઊભા થવા આવ્યા. છેવટે એક મહાત્માને પરાણે આપવી પડી.

એ અમે જ હતા, જે કદાચ નાનપણમાં ખાવાની વસ્તુ માટે સગા-ભાઈ બહેન સાથે ઝગડ્યા હતા. એ અમે જ હતા, જે છાશવારે હોટલ-લારીએ લાભ આપતા હતા, એ અમે જ હતા, જે ચોકલેટ-આઈસ્ક્રીમ ને કુલ્ફી ખાયા કરતા હતા, એ અમે જ હતા જે આ બનાવો ને તે બનાવોની ઘરમાં ડિમાન્ડ કર્યા કરતા હતા. જીવનમાં સદ્ગુરુ આવ્યા ને સુખશીલતાનું મૌન થઈ ગયું. આવી એક નહીં, સાત નહીં, સત્તર નહીં પણ સાતસો સત્તર ઘટનાઓ ઘટી ચૂકી છે.



**ગુરુદેવશ્રીનું અસ્તિત્વ, એમનું સાન્નિધ્ય, એમની છાયા, એમનો વૈરાગ્ય, એમનો ત્યાગ... અમને સતત પ્રેરણા આપતું રહ્યું. જેને આગમમાં - जाया-मायाऽऽहारो કહ્યું છે. બસ, સંયમયાત્રા ચાલે એટલો જ આહાર.. આ પદ ગુરુદેવમાં પરિણત થયું હતું. ગુરુદેવ ન સ્વાદ માટે વાપરતા, ન વાપરવા માટે વાપરતા, ગુરુદેવ ફક્ત સંયમ ટકાવવા માટે વાપરતા. ગુરુદેવમાં આગમ જીવંત બન્યું હતું.**



**ण रसट्ठाए भुंजिज्जा जवणट्ठाए महामुणी ।**

***મહામુનિ રસ માટે નહીં સંયમનિર્વાહ માટે જ વાપરે.***

ગુરુદેવનું સ્વાસ્થ્ય શરૂઆતથી નબળું. ગુરુદેવ તપ ન કરી શકે. પણ ગુરુદેવનો ત્યાગ એમની પરિણતિનું પ્રતિબિંબ બની રહેતો. તપ કરતા પણ ત્યાગ ચડે. અટ્ઠાઈ-માસખમણ કરીને પછી ભાવતા ભોજન પર તૂટી પડવાનું બની શકે છે. વર્ષીતપના એક એક બેસણા મિજબાની બની શકે છે. તપમાં વિવેક ન ભળે તો આહારસંજ્ઞા વધવાની પૂરી સંભાવના છે, એવો તપ કરવાની આગમ સ્પષ્ટ ના પાડે છે. યાદ આવે મરણસમાધિ આગમ -

**कल्ले कल्ले वि वरं आहारो परिमिओ य पंतो अ ।**
**ण य खमओ वि पारणए बहु बहुतरो बहुविहो य ॥**

***ભલે રોજે રોજ વાપરે, પણ પરિમિત વાપરે ને સાદું વાપરે એ સારું છે, પણ ઉપવાસી પણ પારણે ઘણીવાર વાપરે, ઘણું વાપરે ને ઘણી બધી વસ્તુઓ વાપરે એ સારું નથી.***

ગુરુદેવ પરમ તપસ્વી હતા. ગુરુદેવ ઉગ્રતપસ્વીઓ કરતા પણ વધુ મોટા તપસ્વી હતા. ગુરુદેવનો ઉણોદરી તપ, વૃત્તિસંક્ષેપ તપ, રસત્યાગ તપ, પ્રાયશ્ચિત્ત તપ, વિનય તપ, વૈયાવચ્ચ તપ, સ્વાધ્યાય તપ, ધ્યાન તપ આ બધાની સામે આપણા જેવાના ઉપવાસ-આયંબિલ તપને શરમાવું પડે. ગુરુદેવ ગોચરી વાપરીને પાછા આવે એટલે શ્રાવકને એમ લાગે કે એ ફક્ત આંટો મારીને પાછા આવ્યા હશે. છેલ્લા ૩ મહિના લગભગ પ્રવાહી પર રહીને ને છેલ્લે છેલ્લા દિવસોમાં એની પણ સ્પષ્ટ ના પાડીને, લગભગ અનશન જેવું કરીને અને આત્માધ્યાય-રૂપ સ્વ-અધ્યાય-સ્વાધ્યાયમાં ગરકાવ થઈને ગુરુદેવે જીવનભરના તપ-તીર્થ પર કળશ અને ધજા ચડાવી હતી. આવા સદ્ગુરુ શિષ્ય માટે મૌન અગિયારસ કેમ ન બને ?

**સદ્ગુરુ નિશ્ચય પોષ દશમી હોય છે. જે બ્રહ્મચર્યના દશવિધ સમાધિસ્થાનને પોષે છે. પ્રભુ પાર્શ્વનો જન્મ એટલે प्रभुस्तुल्यमनोवृत्ति - નો જન્મ... એટલે સમતાનો જન્મ... એટલે વિશુદ્ધ બ્રહ્મચર્યનો જન્મ... અબ્રહ્મ એટલે પ્રબળ રાગ-દ્વેષ. એ હોય ત્યાં સમતા હોવાનો સવાલ જ ક્યા આવે છ. જે દશવિધ બ્રહ્મસમાધિને પોષે તે નિશ્ચય પોષદશમી. તે છે સદ્ગુરુ.**



પૂ. પ્રેમસૂરિજી મહારાજા કહેતા, 'રાજેન્દ્રવિજય અને હેમચન્દ્રવિજય આ બે-ને ચોમાસું કરવા મોકલું એટલે મને એમની ચિન્તા નથી રહેતી.' (એ સમયે પૂ. જયઘોષસૂરિજી આદિના જુદા ચોમાસા ન'તા થતા, માટે તેમના માટે ખોટી કલ્પના ન કરવી.) ગુરુદેવનું કેવું નિર્મળ બ્રહ્મચર્ય હશે, કેવી આચાર-ચુસ્તતા હશે, ત્યારે પરમ ગુરુદેવે આ ઉદ્ગારો કહ્યા હશે! ૨૫-૩૦ વર્ષની ઉંમર હોય, સુંદર રૂપ હોય, મોહક વ્યક્તિત્વ હોય, જબરદસ્ત

વ્યાખ્યાન હોય, સાથે બીજા કોઈ વડીલ ન હોય, ને છતાં પરમ ગુરુદેવ પૂર્ણ નિશ્ચિંત હોય... આથી વધુ મોટું પ્રમાણ પત્ર બીજું કયું હોઈ શકે ? પરમ ગુરુદેવ સમજતા હતા કે ભલે એમની પાચનશક્તિ નબળી છે પણ –

**जहा कुक्कुडपोअस्स णिच्चं कुललओ भयं ।**
**एवं खु बंभयारिस्स इत्थीविग्गहओ भयं ।। दशवैकालिक ।।**

**જેમ કુકડાના બચ્ચાને બિલાડાથી હંમેશા ભય છે,**
**બરાબર એ જ રીતે બ્રહ્મચારીને સ્ત્રીના શરીરથી ભય છે.**

આવા આગમવચનોને એમણે બહુ સારી રીતે પચાવ્યા છે. આગમમાં એમ ન કહ્યું કે સ્ત્રીથી ભય છે, પણ એમ કહ્યું કે સ્ત્રીના શરીરથી પણ ભય છે. પૂ.હરિભદ્રસૂરિ મહારાજા વૃત્તિમાં સ્પષ્ટતા કરે છે –

**मृतशरीरादपि ।**
**બ્રહ્મચારીને સ્ત્રીના મડદાથી પણ ભય છે.**

પહેલી બ્રહ્મસમાધિ છે વિજાતીય મુક્ત મકાન. ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં વિહાર કરી રહ્યા હતા. વિહાર કરીને પહોંચ્યા કોઈ ઈતરના સ્થાનમાં રાતવાસો હતો. મંદિર જેવું હતું. એના કંપાઉંડમાં બાકડે કોઈ કપલ આવ્યું. પરસ્પર મજાક-મશ્કરી ચાલુ થઈ, વાત હજી આગળ વધી. સૂરિ પ્રેમે તેમને કહેવડાવ્યું કે – ''આજે અહીં સાધુઓ આવ્યા છે, તેથી કૃપયા અહીં આવું ન કરો, તમે બીજે જતા રહો.'' તેઓએ આ વિનંતિને હસી કાઢી, તેઓ ન માન્યા. સૂરિ પ્રેમે બધા મહાત્માઓને આજ્ઞા કરી દીધી, ''વિહાર.'' સાંજનો વિહાર... પ્રતિક્રમણ...સ્વાધ્યાય.. આટલું કરીને મહાત્માઓ સંથારો કરવાની તૈયારી કરતા હતા, પણ જ્યા ગુર્વાજ્ઞા થઈ બધાએ ઉપધિ બાંધી. રાતનો ૧૦ વાગ્યાનો સમય હતો...

**હું તમને પૂછું છું – આ સમયે વિહાર કરાય ? હું તમને પૂછું છું – તમને બ્રહ્મચર્યની વાડની કેટલી વેલ્યું છે ? મહાત્માઓની દૃષ્ટિમાં એક સેકન્ડ માટે પણ કોઈ નબળું દૃશ્ય ન આવી જાય એ માટે સંયમશિરોમણિ**

**સૂરિ પ્રેમ રાતના દશ વાગે વિહાર કરી શકે. 'અત્યારે વિહાર કરવાનો દોષ ઓછો પણ આ સ્થાને એક મિનિટ પણ રહેવાનો દોષ વધારે' આવો વિવેક કરી શકે. આપણામાં વિવેક ખરો ?** આટલામાંથી કેટલા શ્રાવક એવા છે જેઓ ઉપાશ્રયમાં અવાર નવાર બધે ફરી વળે ને ચેક કરી લે કે ક્યાંક કોઈ બારીમાંથી ટી.વી. તો દેખાય એવું નથી ને ? ક્યાંક કોઈ સંયમબાધક નિમિત્ત તો નથી ને ? ક્યાંક ખૂણે ખાચરે કોઈ એવી વસ્તુ તો નથી આવી ગઈ ને ? જેનાથી મહાત્માના સંયમપાલનમાં વિઘ્ન આવી જાય ? **એક શ્રાવક એવા ખરા ? જે કૂદી પડે – 'આવા કપડા ઘરે ઘરે ને રસ્તામાં ડગલે પગલે આંખ સામે ભટકાયા કરે, આમાં જુવાન મહાત્માઓ સંયમ કેવી રીતે પાળશે, ના, આવું તો ન જ ચાલે, હરગીઝ ન ચાલે, હું કોઈ પણ ભોગે આવું નહીં ચાલવા દઉં...' છે આવા એક શ્રાવક ?**

સાહેબ હવે બધું આવું જ થઈ ગયું છે, કોઈ સાંભળવા જ તૈયાર નથી... આ બધા તમારા ખોટા બહાનાઓ છે, હકીકત એ છે કે તમારા હૃદયમાં શાસનસંવેદના જ નથી. તમે ઈચ્છો તો બધું જ થઈ શકે છે. જે કાળે સેંકડો દીકરીઓ દીક્ષા લઈ શકે છે, એ કાળે તમે એક દીકરીને



શ્રાવિકા નથી બનાવી શકતા ? હું તમને કહું છું, આજના કાળની ઉત્કૃષ્ટ શાસનસેવા તમારે કરવી છે ? તો તમે સંઘની એક દીકરીને દત્તક લઈ લો. તમારે એને જમાડવાની નથી, તમારે એને તમારા ઘરે રાખવાની નથી, તમારે એની સ્કુલ-ફી ભરવાની નથી, તમારે ફક્ત એ દીકરી અને કોઈ સાધ્વીજી ભગવંત કે ધાર્મિક

શિક્ષિકા વચ્ચે કડી બનવાનું છે. તમારે એને કહી દેવાનું છે કે 'બેટા! તું આ વર્ષે આટલો અભ્યાસ કર, તને સોનાનો ચેન મારા તરફથી.' **તમે એના જ્ઞાનની જવાબદારી લઈ લો, એના સંસ્કરણ ને સદાચારની જવાબદારી લઈ લો, દીકરી બચશે એટલે પિયર, સાસરું, રસોડું, જૈનત્વ, શીલ,સદાચાર, નવી પેઢી, આગળની પેઢી, શ્રમણસંસ્થા – બધું જ બચી જશે. શું આ જિનશાસનની ઉત્કૃષ્ટ સેવા નહીં ?**



શા માટે આવું મન ન થાય ? હજી તમને ભાવના છે કે શત્રુંજય પર જઈને સોનાનો ચેન ચડાવવો છે, એક સોનાના ભગવાન ભરાવવા છે. તમારી ખૂબ ખૂબ અનુમોદના છે, પણ સંઘ જે ખુદ પચ્ચીશમો તીર્થંકર છે, એ ભગવાન વિખેરાઈ રહ્યા છે, એ ઓગળી રહ્યા છે, એમના પર હથોડાના પ્રહારો થઈ રહ્યા છે, એમના પર ઘણના ઘા થઈ રહ્યા છે, એનું શું ? એ ભગવાન સમાપ્ત થઈ જાય, પછી શત્રુંજય શત્રુંજય નહીં રહે અને આદિનાથ આદિનાથ નહીં રહે, એનો વિચાર આપણે કર્યો છે ખરો ?

**ગુરુદેવના ચરણોમાં હું કલાકો સુધી બેઠો છું. ગુરુદેવે દિલ ખોલીને મારી પાસે બધી જ વાત કરી છે. આજની તમારી ઉપાશ્રયો, ને વિહારધામોની પરિસ્થિતિ, આજના ઉડતા મર્યાદાના લીરેલીરા, અભડાતા તીર્થો, ખદબદતા ઘરો, ડહોળાતા ઉપાશ્રયો, જોખમી રસ્તાઓ – આ બધું જોઈને ગુરુદેવનું હૈયું કકળતું હતું. સૂરિ પ્રેમે તો વિહારનું એલાન કરી દીધું ? હું તમને પૂછું છું, અમારે શું કરવાનું ?**

સાધુઓએ ઉપધિ બાંધી લીધી, દાંડા પર દંડાસન લાગી ગયા. બધું

જ સમેટીને મહાત્માઓ અને પૂજ્યશ્રી ચાલવા લાગ્યા. આ દશ્ય જોઈને પેલા કપલને પસ્તાવો થયો, તેમણે માફી માંગી અને ત્યાંથી ચાલ્યા ગયા. એટલે પૂજ્યશ્રીએ સાધુઓ સાથે ત્યાં જ રાતવાસો કર્યો.

ગુરુદેવે આ સંસ્કારોનો વારસો લીધો અને એને બરાબર સાચવ્યો. રાજસ્થાન-પિંડવાડામાં અમારું ચાતુર્માસ હતું. ગુરુદેવ બપોરે દેરાસરમાં એકાન્ત પ્રભુભક્તિ કરવા જાય. એક દિવસ ગુરુદેવ બપોરે દેરાસરમાં પધાર્યા. જોગાનુજોગ એ સમયે બહારના રંગમંડપમાં બહેનોની પૂજા ચાલતી હતી. ગુરુદેવ અંદરના રંગમંડપમાં પધાર્યા છે, ત્યાં એક વૃદ્ધ મહાત્મા હતા. એ વૃદ્ધ મહાત્માએ પોતે મને કરેલી વાત... ''મને ગુરુ મહારાજે કહ્યું, જુઓ, તમે હમણા જતા નહીં, હું અહીં છું, ત્યાં સુધી તમે પણ અહીં રહેજો... બહારના રંગમંડપમાં બહેનો હોય ને ગુરુ મહારાજ પોતે અંદર હોય, એમાં શું વાંધાજનક હતું ? છતાં ગુરુ મહારાજની કેટલી કાળજી ! એ પણ આ ઉંમરે !''

એ સમયે પૂ. ગુરુદેવની ઉંમર હતી ૭૫/૭૬ વર્ષની. બહેનોની



પૂજાને કારણે હવે એકાન્ત તો મળવાનું ન હતું, ગુરુદેવ બહુ સમય પ્રાયઃ રોકાવાના ય ન હતા, છતાં એટલો સમય પણ ગુરુદેવ ત્યાં એકલા રહેવા માંગતા ન હતા, આનું નામ મર્યાદા. આનું નામ બ્રહ્મસમાધિ.


**ગુરુદેવે કેટલી પ્રતિષ્ઠા કરી. એની વાત એ ગુરુદેવની વ્યવહારસ્તુતિ છે. ગુરુદેવના હૃદયમાં ભગવાનની ને ભગવાનના શાસનની કેટલી પ્રતિષ્ઠા થઈ હતી, એની વાત ગુરુદેવની નિશ્ચયસ્તુતિ છે. ગુરુદેવે કેટલી દીક્ષાઓ આપી એ ગુરુદેવની વ્યવહારસ્તુતિ છે. દીક્ષાએ ગુરુદેવને કેટલું આપ્યું એ ગુરુદેવની નિશ્ચયસ્તુતિ છે. ગુરુદેવના કેટલા ભક્તો હતા એ ગુરુદેવની વ્યવહારસ્તુતિ છે. ગુરુદેવના હૃદયમાં દેવ, ગુરુ, સંઘ અને શાસન પ્રત્યેની ભક્તિ કેટલી હતી, એ ગુરુદેવની નિશ્ચયસ્તુતિ છે, ગુરુદેવે કેટલા ગ્રંથોનો જીર્ણોદ્ધાર કરાવ્યો, એ ગુરુદેવની વ્યવહારસ્તુતિ છે. ગુરુદેવે કેટકેટલા ગ્રંથોને દાયકાઓના દાયકાઓ સુધી અંતરમાં ઘૂંટવા દ્વારા ભવસાગરમાંથી પોતાના આત્માનો ઉદ્ધાર કરી દીધો. એ ગુરુદેવની નિશ્ચયસ્તુતિ છે.**

ગુરુદેવશ્રીના સંયમજીવનના બાળપણના દિવસો. સૂરિ પ્રેમ વિહાર કરીને એક ગામે પધારી રહ્યા હતા. ત્યાં ૫૦ ઠાણા સમાય એમ ન હતું. તેથી વચ્ચે વચ્ચે બે-બે કિ.મી પર આવતા ગામોમાં મહાત્માઓની ટુકડીઓ રહેવાની હતી. ગુરુદેવ સૂરિપ્રેમનો હાથ પકડીને તેમની સાથે ચાલી રહ્યા છે. મંદ ગતિ છે, મહાત્માઓ આગળ પહોંચ્યા છે. પહેલું ગામ આવ્યું છે. જવાનું તો આગળ છે, પણ પૂજ્યશ્રી ત્યાં ઉપાશ્રયે પધારે છે. ''તું બરાબર આવી ગયો ?'' એમ વાત્સલ્યથી પૂછે છે, ને પછી ઉપાશ્રય બરાબર જોઈ લે છે.

ગુરુદેવ અમને વાત કરતા હતા - સૂરિ પ્રેમે જવાનું હતું. ૮-૧૦ કિ.મી. ને દૂર બે કિ.મી. દરેક ગામે જઈને પૂજ્યશ્રીએ આ કાળજી કરી. સ્થિરતા હોય. ત્યાં જે બારીમાંથી ઘર દેખાતું હોય, ત્યાં પૂજ્યશ્રી દીવાલ ચણાવી દેતા હતા.

હું તમને પૂછું છું આશ્રિતોના શીલ-સદાચારની રક્ષાની માટે તમારી

કાળજી કેટલી ? જેમાં તદ્દન નફ્ફટ કપડા પહેર્યા હોય છે. એવી કાર્ટૂન ફિલ્મ્સથી તમે સંતાનોનું નખ્ખોદ વાળવાનું ચાલુ કરો છો અને જ્યાં શીલ શબ્દ શબ્દકોષમાં જ નથી. એવા વિદેશમાં એને મોકલીને એનું સત્યાનાશ પૂરું કરો છો. સ્વસ્થ અને શાંત ચિત્તે વિચારશો તો તમે પોતે જ કહેશો કે સંતાનને કતલખાને કપાવી દેવા કરતા પણ એને વિદેશ મોકલવો એ વધારે ભયાનક ઘટના છે.



ગુરુદેવનો અમારા પરનો ઉત્કૃષ્ટ ઉપકાર એ હતો કે એમણે એમના ગુરુદેવનો વારસો લીધો અને આગળ પાસ કર્યો. સદ્‌ગુરુ જ્યારે પોતાના શિષ્યોને પોતાના ગુરુનો વારસો આપે છે. ત્યારે હકીકતમાં જીવંત સુધર્માસ્વામી અને જીવંત મહાવીરસ્વામી આપે છે.

**આખી જિંદગી તો ગુરુદેવ અમારા બધાની કાળજી કરતા રહ્યા. હું તમને છેલ્લા વર્ષની વાત કરું. ૮૯ વર્ષની ઉંમર, પ્રસરેલું કેન્સર, કેટકેટલી તકલીફો... ને એની સાથે ગુરુદેવે અમારા બધાની નાની-મોટી બધી**

**જાણકારી રાખી છે, અમને યોગ્ય આજ્ઞાઓ કરી છે ને અમારી બધી રીતે કાળજી કરી છે.**

ગુરુદેવે અમારા એક મહાત્માનું ચોમાસું પ્રહ્લાદનગર સંઘમાં આપ્યું હતું. ગુરુદેવને ખબર પડી કે ત્યાં સાધુ-સાધ્વીના ઉપાશ્રયો એક જ કંપાઉન્ડમાં છે. ગુરુદેવે સંઘના અગ્રણીઓને કહી દીધું કે એ બંને ઉપાશ્રયોના વચ્ચે તમે દીવાલ ચણાવો. પછી જ હું મહાત્માને ચોમાસા માટે મોકલીશ. અગ્રણીઓએ કહ્યું, કે ''આપની વાત સાચી છે, અમે કરવા પણ તૈયાર છીએ. પણ એ કંપાઉંડમાં જ વ્યાખ્યાન બેસે છે. જો દીવાલ ચણાવી દઈએ તો પછી વ્યાખ્યાન કેવી રીતે બેસે ?'' ગુરુદેવની કુશાગ્ર બુદ્ધિએ તરત જ રસ્તો કાઢ્યો. ''તો તમે એમ કરો. એક એવો દરવાજો બનાવો જે વ્યાખ્યાન વખતે સરકી જાય અને વ્યાખ્યાન સિવાયના સમયમાં એ દરવાજો તાળું લગાવીને વાસ્યો હોય, જે દીવાલની ગરજ સારે, પછી જ હું મહાત્માને મોકલીશ.''

પૂર્વના શ્રાવકો સંતાનના ય મા-બાપ થતા ને અમારા ય મા-બાપ થતા, આજે તમે એકે ય ના મા-બાપ થઈ શકતા નથી. યા તમે બગાડો છો, યા બગડવા દો છો. ને પછી બદનામી કરો છો. તમે મા-બાપ થઈ શકતા નથી. છતાં અમારું સંયમ જીવતું હોય એમાં આવા ગુરુદેવની સૂક્ષ્મ કાળજી કારણ છે.

તમે એ સંઘમાં જાઓ તો એ દરવાજાના દર્શન કરજો. એને વંદન કરજો, એ ફક્ત દરવાજો નથી એ જિનશાસનની મર્યાદા છે, એ બ્રહ્મસમાધિ છે, એના કણ કણમાં અનરાધાર ગુરુકૃપા છે.

**સદ્‌ગુરુ એ નિશ્ચય ફાગણ ફેરી હોય છે. ફાગણ ફેરીનો શાબ્દિક અનુવાદ થાય છે વસંતવિહાર. વસંતઋતુ સોળે કળાએ ખીલેલી હોય, ઉપવન પુષ્પથી ઉભરાઈ રહ્યું હોય, સુગંધનું એકછત્રી સામ્રાજ્ય છવાઈ ગયું હોય, ને એમાં મસ્તીથી ચાલવાની મજા લૂંટાતી હોય એનું નામ વસંતવિહાર. એનું નામ સદ્‌ગુરુ.**



તમે એક શબ્દનો જવાબ માંગો - ''સદ્‌ગુરુ એટલે શું ?'' મારો જવાબ છે, 'મસ્તી', શિષ્યો, ભક્તો, શાસનપ્રભાવના, પ્રવચન કશું ન હોય તો ય એ સદ્‌ગુરુ હોય છે. સંતાન વગર માતૃત્વ સંભવિત નથી, પણ શિષ્ય વગર ગુરુત્વ સંભવિત છે, કારણ કે એ અંતરંગ તત્ત્વ છે.


જ્યાં સુખી થવા માટે વિષયોની કોઈ જરૂર જ નથી એનું નામ મસ્તી. જ્યાં કષાયોના નિમિત્તો સાવ જ ભોંઠા પડી જાય છે એનું નામ મસ્તી. જ્યાં અંદરનું વાતાવરણ બહારના વાતાવરણથી પ્રુફ થઈ જાય છે એનું નામ મસ્તી. જ્યાં આત્માના આનંદનો ઉઘાડ અનુભવાય છે, એનું નામ મસ્તી. એનું નામ વસંતવિહાર. એનું નામ ફાગણફેરી.

આપણે બધા પ્રસંગ, ઘટના, સંવાદો ને કાર્યોને સમજીએ છીએ. વળાંકો વગર આપણે રસ્તાને સમજી શકતા નથી. સીધો રસ્તો આપણને રસ્તો જ લાગતો નથી. ગુણાનુવાદમાં ઘટનાઓ આવે તો આપણે થોડા ચાર્મમાં આવી જઈએ છીએ. પણ ઘટનાઓથી ય ચડિયાતી ઘટના. સર્વ પ્રસંગોમાં પરમ પ્રસંગ કોઈ હોય તો એ મસ્તીનો હોય છે. જેમાં આપણને કોઈ ઘટના કે પ્રસંગ લાગતો નથી.

**ચિદાનંદ કી મોજ મચી હે સમતા રસ કે પાન મેં - ગુરુદેવના પ્રિય સ્તવનની આ પ્રિય પંક્તિ - ગુરુદેવ દેરાસરમાં બોલતા હોય ને મસ્તીમાં ઝૂમતા હોય. આનું નામ વસંતવિહાર. ગુરુદેવ સ્વાધ્યાયમાં**

**મગ્ન હોય, ગુરુદેવ મૌન હોય પણ ગુરુદેવના રોમ રોમ બોલતા હોય - અબ તો અધિકારી હોઈ બેઠે પ્રભુ ગુણ અખય ખજાન કે - આનું નામ વસંતવિહાર... અડધી રાતે ગુરુદેવ ઉઠી ગયા હોય... ૭૦ વર્ષમાં જ્યાં જ્યાં દર્શન કર્યા એ ભગવાનના આંતરચક્ષુથી દર્શન કરીને ભાવયાત્રા કરતા હોય, યા પરમાત્માના ધ્યાનમાં મગ્ન થઈ ગયા હોય, ને ગુરુદેવના આત્માનો પ્રદેશે પ્રદેશ બોલતો હોય, હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં - આનું નામ વસંતવિહાર.**

ગુરુદેવે જેટલા દેરાસરમાં દર્શન કર્યા હતા, એ બધા દેરાસરના ભગવાન એમની મુખમુદ્રા ને એમના નામ ગુરુદેવને મોઢે હતા, કેટલાય જિનાલયોમાં મૂળનાયકની આજુબાજુમાં કયા ભગવાન છે, એ પણ ગુરુદેવને યાદ હતું. ગુરુદેવે હજારો રાતોમાં આ બધા જ જિનાલયોની ભાવયાત્રા કરી હતી. ગુરુદેવના હૃદયમાં પરમાત્મા વસેલા હતા, માટે એમને બારે માસ વસંત હતી. આપણા હૃદયમાં સંસાર વસ્યો છે, માટે આપણે બારે માસ પાનખર હોય છે.



અઢળક પ્રસંગો એવા છે જેમાં ગુરુદેવ વિહારમાં મળેલા ભગવાન પાછળ એવા મોહાયા કે આગળનો વિહાર કાર્યક્રમ બદલાઈ ગયો. અઢળક પ્રસંગો એવા છે, જેમાં ગુરુદેવની પ્રભુભક્તિ સો ટચના સોના જેવી ઝળહળી ઉઠતી હતી.

ગુરુદેવ શંખેશ્વરમાં બિરાજમાન હતા, સાંજનો સમય હતો, ગુરુદેવ દેરાસર જવા તૈયાર થયા. મેં ગુરુદેવનો હાથ પકડ્યો

હતો. મેઈન દેરાસરની સામેના સિહોરી ઉપાશ્રયમાં ગુરુદેવશ્રી બિરાજમાન હતા. ગુરુદેવશ્રી દાદરા ઉતરીને નીચે આવ્યા. મેઈન દરવાજા પાસે આવ્યા. હવે ગુરુદેવ બે પગથિયા ઉતરે એટલે રસ્તો આવી જાય. ત્યાં સામે એક વ્યક્તિ આવી. જીરાવલા તીર્થના એ ટ્રસ્ટી હતા. અબજોપતિ માણસ હતા. જેમને કદાચ ચારે બાજુથી બધા બોલાવ બોલાવ કરતા હોય, જે કરોડોના સુકૃતો કરતા હોય, એવા એ માણસ. શંખેશ્વર આવ્યા હશે. ગુરુદેવ અહીં છે સમાચાર મળ્યા હશે. વગર બોલાવે સામે ચાલીને ગુરુદેવને વંદન કરવા આવ્યા છે. બોલો, હવે ? આપણે ગુરુદેવની જગ્યાએ હોઈએ તો શું થાય ? આપણો પ્રોગ્રામ બદલાઈ જાય કે નહીં ? આપણે હોઈએ ને તો પેલા વંદન કરવા જ ન આવે.

ગુરુદેવનો પ્રોગ્રામ બિલકુલ ન બદલાયો. ગુરુદેવે એમની સામે જોયું. ગુરુદેવે એમને ઓળખ્યા. ગુરુદેવ બહુ જ સહજ ભાવે એટલું બોલ્યા, ''રમણભાઈ છે ?'' એમણે હા પાડી, ગુરુદેવ આશીર્વાદ આપીને આગળ ચાલ્યા. જિનાલયમાં પહોંચીને ભક્તિમાં મગ્ન થઈ ગયા. આનું નામ વસંતવિહાર.

**ગુરુદેના કેટલા અબજોપતિ ભક્તો હતા એ ખરો સવાલ છે જ નહીં ? કેટલા અબજોપતિઓમાં ય માધ્યસ્થ્ય ધારણ કરીને ગુરુદેવ ભગવાન અને ભગવાનના શાસન પાછળ લાલાયિત હતા એ ખરો સવાલ છે. જે ખુદ પ્રભુ અને પ્રભુશાસનમાં રમણ થઈ ગયા હોય, એ રમણભાઈનું શું કરે ? ને ગુરુદેવની આ હાઈટનો પરિચય હોય, માટે જ રમણભાઈને વંદન કરવા આવવાનું મન થયું હોય. કે.પી. સંઘવીવાળા બાબુભાઈ પણ ગુરુદેવની આ હાઈટ જોઈને ઓવારી ગયા હતા. આજે પણ તમે રાજસ્થાન-પાવાપુરીમાં જાઓ તો ત્યાંની મેઈન ઓફિસમાં બે મોટા ફોટા હશે. બંને ચાંદીની ફ્રેમથી મઢેલા હશે. એક ફોટો પૂ. કલાપૂર્ણસૂરિજી મહારાજાનો અને બીજો ફોટો પૂ. ગુરુદેવશ્રીનો. ગુરુદેવના વસંતવિહારના વૈભવને જોઈને શ્રીમંતોને ય એમની તુલનામાં પોતાની જાત ગરીબ લાગતી હતી.**

ગુરુદેવની સંસારીપણાની ઘટના. ગુરુદેવ એમના માતુશ્રી સાથે મુંબઈથી અમદાવાદ આવવા માટે નીકળ્યા છે. ટ્રેનમાં બેઠા છે. ટ્રેન જઈ રહી છે. વચ્ચે આણંદ સ્ટેશન આવ્યું છે. ત્યાં ટ્રેન ઊભી રહી છે. ગુરુદેવ બારીમાંથી જોઈ રહ્યા છે, ત્યાં સ્ટેશન પાસે એક દેરાસર દેખાય છે. આપણે હોઈએ તો વધુમાં વધુ શું કરીએ ? નમો જિણાણં.

ગુરુદેવનું અંતર ઝાલ્યું ના રહ્યું, ગુરુદેવ એમના માતુશ્રીની રજા લઈને દર્શન કરવા દોડી ગયા. દર્શન કરીને તરત જ પાછા આવી જવાનું હતું.




પણ જ્યાં ગુરુદેવે ભગવાનના દર્શન કર્યા, ત્યાં ભાવવિભોર બની ગયા, ગુરૅદવ ત્યાં જ ઠરી ગયા. સરસ ભક્તિ કરીને ગુરુદેવ પાછા સ્ટેશને આવ્યા ત્યારે ગાડી જતી રહી હતી. તેમની અને તેમના માતુશ્રીની-બંનેની ટિકિટ તેમના માતુશ્રી પાસે હતી. ગુરુદેવના ખિસ્સામાં એક પણ રૂપિયો ન હતો.

**આપણે તરત પૂછી બેસશું – 'પછી ?' આપણા 'પહેલા' ના ઠેકાણા નથી ને આપણે 'પછી' ની વાત કરીએ છીએ. 'પહેલું' લઈ આવો, 'પછી' ની ચિંતા નહીં કરવી પડે, પછીની ગમે તેટલી ચિંતા કરશો, ગોઠવણ કરશો, પણ 'પહેલું' નહીં હોય તો 'પછી' મા ઉપાધિ ને અંધારા સિવાય બીજું કશું નહીં હોય.** આપણી ટ્રેન કદી છૂટી જતી નથી. માટે જ આપણી ટ્રેન છૂટી જાય છે. ગુરુદેવની ટ્રેન છૂટી ગઈ હતી. માટે જ ગુરુદેવે ટ્રેન પકડી લીધી હતી. ગુરુદેવ કઈ રીતે પહોંચ્યા, એની ચિંતા છોડીએ, આપણે કઈ રીતે પહોંચશું એની ચિંતા કરીએ.

ફાગણ ફેરીમાં શત્રુંજયની છ ગાઉની પ્રદક્ષિણા થતી હોય છે. સદ્ગુરુ સ્વયં આંતરશત્રુઓ પર વિજયસ્વરૂપ જિનશાસનની પ્રદક્ષિણા હોય છે. સદ્ગુરુ ગમે તે કરે. બોલે-વિચારે કેન્દ્રમાં માત્ર ને માત્ર જિનશાસન જ હોય.

ગુરુદેવને એક વાર તાવ આવેલો. વૈદે રાતે ટેમ્પરેચર માપવાનું કહેલ. માપ્યું. રાતે અંધારું. ટેમ્પરેચર કેટલું આવ્યું તે જોવા કોઈ દોષ સેવવાને બદલે ગુરુદેવે થર્મોમીટર એમને એમ મુકી રાખ્યું. સવારે જોયું, કે રાતે કેટલું ટેમ્પરેચર હતું.

ગુરુદેવના છેલ્લા દિવસોની વાત. ઉંમર, રોગ, પીડા બધી જ હદ વટાવી રહ્યું હોય, આખી રાત સંપૂર્ણ નિરાહારપણે વીતાવી હોય, પ્રાતઃક્રિયા અને જિનાલયદર્શનાદિ કરીને ગુરુદેવ આસને આવીને બેઠા હોય. સેવામાં રહેલા મહાત્મા ગુરુદેવને કહે – ''ગુરુ મહરાજા પચ્ચક્ખાણ પારો.'' ગુરુદેવ કહે, ''જુદી ઘડિયાળોના સમયમાં થોડો થોડો ફરક હોય છે. વળી આપણે વિહારમાં સૂર્યોદય જોઈએ છીએ તેમાં પણ પંચાંગના સમય કરતા થોડો ફરક આવતો હોય છે. તેથી કટોકટ સમયે પચ્ચક્ખાણ ન પારવું. પણ ઉપર પાંચ મિનિટ જવા દેવી.'' આનું નામ જિનશાસનની પ્રદક્ષિણા.



**ફાગણ ફેરીમાં ગિરિરાજની બધી બાજુથી સ્પર્શના થઈ જાય છે. સદ્ગુરુ જીવનમાં આવે એટલે જિનશાસનની સર્વાંગીણ સ્પર્શના થઈ જાય છે.** ફાગણ ફેરીમાં અઢળક પાલની ભક્તિ હોય છે. આપણે તો સદ્ગુરુની શું ભક્તિ કરવાના ? સદ્ગુરુ અગણિત પાલથી આપણી ભક્તિ કરે છે. એક કરુણાનો પાલ હોય છે એક જ્ઞાનનો પાલ હોય છે. એક શ્રદ્ધાનો પાલ

હોય છે. એક વૈરાગ્યનો પાલ... એક સારણા-વારણાનો પાલ હોય છે, એક સહિષ્ણુતાનો પાલ હોય છે, એક સરળતાનો પાલ હોય છે, એક સંયમનો પાલ હોય છે. એક બ્રહ્મચર્યનો પાલ, એક તપનો પાલ, એક વિનયનો પાલ, એક વૈયાવચ્ચનો પાલ, એક ગીતાર્થતાનો પાલ, એક ક્ષપક શ્રેણિનો પાલ, એક કેવળજ્ઞાનનો પાલ, એક મોક્ષનો પાલ...

ગુરુદેવ એક વાર મેમનગર પધાર્યા. ત્યાં પૂ. હિતરુચિવિજયજી મ.સા. બિરાજમાન હતા. તેઓ ખૂબ ગ્લાન હતા. ૮૮ વર્ષની વયે ૬૮ વર્ષના પર્યાયે નાદુરસ્ત તબિતયમાં ગુરુદેવશ્રી સ્વયં ઉપર બીજે માળે પૂજ્યશ્રીની શાતા પૂછવા પધાર્યા. પૂજ્યશ્રી પાસે ગુરુદેવશ્રી બેઠા છે. શાતા પૂછી છે. પૂજ્યશ્રીએ કહ્યું, ‘‘આપનો મારા પર ઘણો ઉપકાર છે. ૨૫ વર્ષ પહેલા મુંબઈ પ્રાર્થના સમાજમાં મેં આપના પ્રવચનો સાંભળ્યા હતા. ત્યારે મને વૈરાગ્ય થયો હતો.’’ ગુરુદેવના આ વૈરાગ્યના પાલે હજારો ભવ્યાત્માઓને ન્યાલ કરી દીધા હતા.


સદ્ગુરુ નિશ્ચય અક્ષયતૃતીયા હોય છે. રત્નત્રયીનો અક્ષય ભંડાર એટલે સદ્ગુરુ. ગુરુદેવ અખૂટ ઉર્જાના સ્વામી હતા. વિરમગામમાં અમારું ચોમાસું હતું. એક બાળક ગુરુદેવની પાસે આવ્યો. ગુરુદેવે એને પૂછ્યું. ‘‘તું કંદમૂળ ખાય છે ?’’ એણે કહ્યું. ‘‘અમારા ઘરે તો કંદમૂળ નથી બનતું, પણ અમારી એક લોજ છે. એમાં કંદમૂળ બને છે.’’ ગુરુદેવે કહ્યું, ‘‘કંદમૂળમાં અનંતા જીવો હોય, એની હિંસાથી બહુ પાપ લાગે.’’ બસ, આટલી વાત, બાળક ઘરે ગયો. વાત કરી. ધંધાનો સવાલ હતો. કંદમૂળ બંધ થતા શું પરિણામ આવે તે નક્કી



નહીં. ધંધો ઘટે એવી પૂરી સંભાવના હતી. કદાચ મારા જેવાએ કલાક સમજાવટ કરી હોત, તો ય પરિણામ ડાઉટફુલ રહેત. ગુરુદેવના શબ્દો પાછળ એમની અક્ષય ઉર્જા હતી. એ ભાઈએ નિર્ણય લઈ લીધો. હવેથી લોજમાં પણ કંદમૂળ બંધ. એ ભાઈએ લોજમાં બોર્ડ મુકી દીધું. ''આચાર્ય હેમચન્દ્રસૂરિજીની પ્રેરણાથી કંદમૂળ બંધ છે.'' એમનું આલંબન લઈને બીજા બે કંદોઈઓએ પણ કંદમૂળ બંધ કરી દીધું. ધંધો પહેલા ઘટ્યો પણ પછી વધી ગયો.

**અક્ષયતૃતીયા, ગુરુદેવ પાસે અખૂટ પ્રભાવ હતો. સુરેન્દ્રનગરમાં સૂરિ પ્રેમની નિશ્રામાં ચોમાસું હતું. ગુરુદેવના એક શિષ્ય ગુરુદેવની ચરી માટે એક રબારીને ત્યાં દિવસમાં ૮-૯ વાર દહીં વહોરવા જાય. સૂરિ પ્રેમને ખબર પડી. એમણે કહ્યું કે ''રોજ આટલી બધી વાર જવાથી રબારીને ભાવ ન રહે, માટે હવેથી ત્યાં ન જવું.'' આ વાતનો અમલ થયો. એ રબારી ભાઈ દોડતા આવ્યા. ''કેમ મારે ત્યાં પધારતા નથી.'' એમ કહી રડી પડ્યા. સૂરિ પ્રેમ ને બધા મહાત્માઓ જોતા રહી ગયા. એ રબારીએ કહ્યું, ''મહાત્મા દહીં વહોરી જાય, પછી વધેલું દહીં જેને અમે આપતા એમના રોગો મટી જતાં, અમારા ઘરમાં ય આ કારણે કોઈ માંદુ જ પડતું નહીં.''**

ગુરુદેવની વાણી અમૃત હતી. આચાર અમૃત હતા. વિચાર અમૃત



હતા. દૃષ્ટિ અમૃત હતી. જીવન અમૃત હતું. માટે ગુરુદેવ માટે વહોરાવીને જે બચતું તે અમૃત થઈ જતું.

અક્ષય યોગશક્તિ. Up to End... અમે વરસોના સાન્નિધ્યમાં જોયું છે - કોઈ પણ સિઝનમાં ગુરુદેવને પરસેવો ન થતો. ગુરુદેવનું શરીર સહજ સુગંધી હતું. માટે ગુરુદેવના કપડામાંથી સુગંધ આવતી હતી. જુદા જુદા ચાર કપડા ભેગા કરીને

મુક્યા હોય એમાંથી અમે માત્ર સુગંધના આધારે ગુરુદેવના કપડાને પરખી શકતા હતા. યોગગ્રંથોમાં કહ્યું છે.

**गन्धः शुभो ।**

***યોગમાર્ગના પથિકનો દેહ સુગંધી બની જાય છે.***

જેને શક્તિના ઉદ્દેશ્યો છે, એને કદી શક્તિ મળતી નથી. કદાચ મળી જાય તો ય એના આત્માને નુકશાનકારક થાય છે. ગુરુદેવને શક્તિનો કોઈ ખપ ન હતો, ગુરુદેવને માત્ર શાસનની ભક્તિનો ખપ હતો. માટે ગુરુદેવને અખૂટ શક્તિઓ મળી હતી.

મુંબઈની અંદર ગુરુદેવના વિહારો ચાલતા હતા. ગુરુદેવ દાદરમાં બિરાજમાન હતા. ત્યાં એક ભાઈ આવ્યા, ગુરુદેવને વંદન કરીને ગયા. ગુરુદેવ બીજા દિવસે વિહાર કરીને માટુંગા પધાર્યા, ત્યાં પણ એ ભાઈ આવીને વંદન કરી ગયા, ત્રીજા દિવસે ગુરુદેવ વિહાર કરીને સાયન પધાર્યા, ત્યાં પણ એ ભાઈ આવીને વંદન કરી ગયા. રોજના વિહારમાં રોજ એ ભાઈને વંદન કરવા આવતા જોઈ ગુરુદેવના એક શિષ્યને બહુ આશ્ચર્ય થયું. લાંબા લાંબા ડિસ્ટન્સના આ સ્થાનો હતા. તમે કલ્પી શકો કે અહીં વાસણામાં કોઈ વંદન કરે, બીજા દિવસે સાબરમતીમાં આવે, ત્રીજા દિવસે ઓગણજ આવે, ચોથા દિવસે શેરીસા આવે... એ પણ ફક્ત વંદન કરવા..

**ગુરુદેવના શિષ્યે એ ભાઈને કારણ પૂછ્યું, એમણે કહ્યું. ''મારા મોટા ભાઈને કેન્સર હતું, પીડાનો કોઈ પાર ન હતો, ડોક્ટરોએ હાથ ઊંચા કરી દીધા હતા. અમે બધી આશા છોડી દીધી હતી. એ સ્થિતિમાં ગુરુદેવનો વાસ્કેપ નંખાવ્યો. ગુરુદેવના વાસ્કેપથી મોટા ભાઈનું કેન્સર નાબૂદ થઈ ગયું.**

શાસ્ત્રોમાં ૪૮ લબ્ધિઓનું વર્ણન આવે છે. એમાં એક લબ્ધિ છે - આમર્ષૌષધિ લબ્ધિ. એનો અર્થ એ છે કે મહાત્માને એવી લબ્ધિ પ્રગટે કે એમના સ્પર્શથી રોગ જતા રહે, સ્પર્શનો આ પ્રભાવ વાસ્કેપમાં ય આવે અને એ વાસ્કેપ જેમના પર પડે એમનો રોગ મટી જાય એવું સંભવિત છે.

છતાં આ બધું ય Side-Fruit છે. By-Product છે. સાધનાનું મુખ્ય ફળ તો આત્મવિશુદ્ધિ જ છે.

ગુરુદેવ સમાધિના અક્ષય નિધાન હતા. વર્ષો પહેલા ગુરુદેવ વિહાર કરીને માતર તીર્થ પધાર્યા. ત્યાં દાદા ગુરુદેવ પૂ.ભુવનભાનુસૂરિજી નું મિલન થયું. પૂ. વિદ્યાનંદસૂરિજીના પિતા મ.સા. પૂ. જયવર્ધનવિજયજી મ.સા. ત્યારે ખૂબ જ સિરિયસ થઈ ગયા. ગુરુદેવ તરત જ એમને અંતિમ આરાધનાસ્વરૂપ નિર્યામણા કરાવવા બેસી ગયા... અમૃતવેલી સજ્ઝાય... સંથારા પોરિસીની ગાથાઓ...આત્મદષ્ટિ... આત્મજ્ઞાન... **ગુરુદેવ પરમ સમાધિનું આલંબન આપતા જાય છે.. બધા જ મહાત્માઓ અહોભાવ અને આશ્ચર્ય સાથે જોઈ રહ્યા છે. અદ્ભુત નિર્યામણા... એ સમયે દાદા ગુરુદેવની સાથે એક મુમુક્ષુ હતા. એમનું નામ હતું રજનીભાઈ. ગુરુદેવ દ્વારા કરાતી આવી નિર્યામણા જોઈ એમને એવી ભાવના થઈ ગઈ કે 'મારા અંતિમ સમયે મને નિર્યામણા કરાવનાર પૂ. હેમચન્દ્રસૂરિ મ. હોજો.' આ રજનીભાઈ એટલે પાછળથી પૂ. રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા.**

અમારા પૂ. પં. જયતિલકવિજયજી મ.સા. એમણે દૃઢ સંકલ્પ કર્યો હતો કે મને અંતિમ નિર્યામણા પૂ. હેચન્દ્રસૂરિ મહારાજાના મુખે જ જોઈએ. આ માટે જીવનના છેલ્લા દશ-બાર વર્ષ પૂજ્યશ્રી ગુરુદેવશ્રીની સાથે રહ્યા. એક વાર પૂજ્યશ્રી સિરિયસ થઈ ગયા હતા. એમને અહીં પરિમલ પાસે દિવા હોસ્પિટલમાં એડમીટ કર્યા હતા. પૂજ્યશ્રી I.C.U. માં વેંટીલેટર પર હતા. ગુરુદેવ એમને સમાધિ આપવા સામે એક ફ્લેટમાં રોકાયા. અમે બધા જૈનનગરથી અપ-ડાઉન કરતા. એમની તબિયત વધુ ખરાબ હોય તો ગુરુદેવ પોતે હોસ્પિટલમાં રાતવાસો કરતા. અડધી રાતે ઉઠીને કોઈને જગાડ્યા વિના પોતે પોતાનું આસન લઈને I.C.U. માં પહોંચી જતા. ગુરુદેવની આ કરુણા...આ વાત્સલ્ય.. આ આશ્રિતહિતચિંતા... આ ઉંમરે ને આ તબિયતે ય જવાબદારીનો પરિશુદ્ધ નિર્વાહ... આ બધું જોઈને અમે સહુ ગળગળા થઈ જતા.

**ગુરુદેવનું અણિશુદ્ધ ઔચિત્ય એમની અદ્‌ભુત આધ્યાત્મિક પરિણતિનું પ્રતિબિંબ હતું. અંતરમાં ન રાગ-દ્વેષ હોય, ન લૌકેષણા હોય, ન વિષયતૃષ્ણા હોય, ન પ્રમાદ હોય - ત્યારે જ આવું ઔચિત્ય સંભવી શકે.** અમને કોઈ પણ શિષ્યોને કંઈ માંદગી આવી હોય, કંઈ તકલીફ થઈ હોય, તો ગુરુદેવ પોતાની ઉંમર, સ્વાસ્થ્ય, પર્યાય, પદ, મોભો વગેરેનો કોઈ પણ વિચાર કર્યા વિના પોતાના આસનેથી ઊભા થયા છે. ચાલીને અમારી જગ્યાએ આવ્યા છે. અમારી શાતા પૂછી છે. અમારી તકલીફ પૂછી છે. ઉપચારમાં રસ લીધો છે. ભણવાનો ક્ષયોપશમ બધાનો જુદો જુદો હોય, તપની શક્તિ બધાની એકસરખી ન હોય, છતાં એટલો ક્ષયોપશમ તો બધા શિષ્યોનો કે ગુરુદેવે કાંઈ કહ્યું હોય એ હોંશે હોંશે કરવાનું મન થાય. એના મૂળમાં ગુરુદેવે કરેલું અદ્‌ભુત યોગ ક્ષેમ અને વાત્સલ્યસભર જતન છે.

પૂ. જયતિલક મ. ની એક ઘાત ગઈ. બે વર્ષ પછી બીજી ઘાત આવી. ગુરુદેવ એમને ઉપાશ્રયમાં જ રાખવાના હતા, પણ ચેક અપ માટે હોસ્પિટલમાં લઈ ગયા. ત્યાં પરિસ્થિતિ નાજુક થઈ ગઈ. અણીના સમયે ગુરુદેવ હોસ્પિટલમાં પહોંચી ગયા. આરાધના શરૂ કરાવી. મહાત્માને ઉલ્ટી થઈ તે ઓક્સિજનના માસ્કને કારણે પાછી અંદર ફેફસામાં ગઈ. ડોક્ટરોએ બધાને બહાર નીકળી જવા કહ્યું. ગુરુદેવ બહાર થોડી વાર તો ઊભા રહ્યા, પણ ગુરુદેવે વિચાર્યું કે પરિસ્થિતિ નાજુક છે. ડોક્ટરો કેવા પ્રયોગો કરતા હોય કહેવાય નહીં. ગુરુદેવ ફરી I.C.U. માં અંદર ગયા. ડોક્ટરે કહ્યું, ''અમને ટ્રીટમેન્ટ કરવા દો, તમે બહાર જાઓ.'' હવે એક આત્માની અંતિમ-સમાધિનો સવાલ હતો. ગુરુદેવે ડોક્ટરને કડક થઈને કહી દીધું, ''હવે અમારે કોઈ ટ્રીટમેન્ટ કરાવવી નથી, અમને અમારી વિધિ કરવા દો.'' ડોક્ટર ડઘાઈ ગયા... એમણે કહ્યું, ''સારું, તમે તમારી વિધિ કરો. અમને અમારી ટ્રીટમેન્ટ કરવા દો.'' આગમ કહે છે -

**सुचिरं पि तवं तवियं चिन्नं चरणं सुअं च बहु पढियं ।**
**अंते विराहइत्ता अणंतसंसारिणो भणिया ।।**

*ગમે તેટલો લાંબો સમય તપસ્યા કરી હોય,*
*ગમે તેટલું સરસ સંયમ પાળ્યું હોય,*
*અને ગમે તેટલો જ્ઞાનાભ્યાસ પણ કર્યો હોય,*
*અંતે જો વિરાધના થઈ તો પછી અનંત-સંસાર થઈ શકે છે.*

**ગુરુદેવે આ આગમ વચનોને બરાબર પચાવ્યા હતા. ગુરુદેવ આધ્યાત્મિક ડોક્ટર હતા. ગુરુદેવે આરાધનાનું અમૃત વરસાવવા માંડ્યું. મહાત્મા ખૂબ જ ભાવથી એ અમૃતને ઝીલવા લાગ્યા ને એ જ - પરમ સમાધિની દશામાં મહાત્માએ સદ્ગતિ તરફ પ્રયાણ કર્યું. એક આત્માને છેલ્લા શ્વાસ સુધી બધી જ રીતે સાચવીને એમને પૂર્ણ સમાધિ આપીને પરલોકનું અદ્ભુત ભાથું બાંધી આપવાનું પોતાનું કર્તવ્ય ગુરુદેવે સંપૂર્ણપણે અદા કર્યું.**

'આ' જિનશાસન છે. હું તમને પૂછું છું તમને તમારા સંસાર પાસેથી શું આશા છે ? થોડી મિલકત માટે તમારા દીકરા તમારું મોત બગાડી નાંખે... નજર સામે વહુઓ મેણા-ટોણા મારતી હોય, ને અંદર અંદર ઝગડતી હોય.. યા કોઈનો પત્તો જ ન હોય ને નર્સ ને ભરોસે તમને ગમે તેવી અસમાધિમાં મરવા માટે મુકી દીધા હોય, તમે કણસી રહ્યા હો ને ઘરના એક ખૂણામાં શરમજનક ખુસરપુસર થતી હોય, જેને રમાડતા તમે અડધા અડધા થઈ જતા હતા, એ જ પૌત્ર ચાર દિવસે માંડ પરાણે આવ્યો હોય ને એનું મોઢું મોબાઈલમાં હોય. હું તમને પૂછું છું - તમારા સંસાર પાસે તમને શું આશા છે ?

**નાંખી દેવા જેવો છે આ સંસાર, ફેંકી દેવા જેવો છે આ સંસાર, સાવ નકામો છે આ સંસાર, દુર્ગતિએ ધકેલી દેનાર છે આ સંસાર, ને છતાં આપણને એ વહાલો લાગે છે, કેટલું મારાપણું છે તમને સંસાર સાથે ? કેટલા ઘસાઈ મરો છો તમે સંસાર માટે ! બધું જ ન્યોછાવર કરો છો સંસાર માટે... ને જ્યાં આવા ભગવાન છે, જ્યાં આવા સદ્ગુરુ છે... જ્યાં આવો શુદ્ધ ધર્મ છે... જ્યાં આવું નિઃસ્વાર્થ વાત્સલ્ય છે, જ્યાં આવી નિષ્ઠા**

**સાથે સંબંધનો નિર્વાહ છે..એ જિનશાસન પ્રત્યે આપણી કેટલી બધી ઉદાસીનતા ! ...કેટલું બધું પારકાપણું ! કેવી આઘાતજનક નિષ્ક્રિયતા !**

સંસાર તમારો છે જ નહીં, એ તમારો હતો ય નહીં. ને થવાનો પણ નથી. તમારું છે માત્ર ને માત્ર જિનશાસન. જે પોતાનું છે એને ઠુકરાવી દેવું. જે પોતાનું થવું શક્ય જ નથી એની પાછળ અડધા અડધા થવું. આવી મોટી મૂર્ખામી બીજી કઈ હોઈ શકે ? કદાચ સ્વજનો છેલ્લા શ્વાસ સુધી તમને ચાહે તો ય એમના પ્રત્યેના મમત્વભાવથી તમને અનંત ભવભ્રમણ સિવાય- અનંત નરક સિવાય, નિગોદના અનંત કારાવાસ સિવાય બીજું કશું મળી શકે એમ નથી. એનો વિચાર તમે કર્યો છે ખરો?

**ગુરુદેવના એક ગુરુભાઈ હતા. પૂ. નંદીવર્ધનવિજયજી મ.સા. ગુરુદેવે એમની સેવા અને એમની સમાધિની પૂરી કાળજી કરી હતી.** એક વખત ગુરુદેવ એમને સમાધિ આપી રહ્યા હતા, મહાત્માને ઉલ્ટી જેવો ઉબકો આવ્યો, ગુરુદેવે તરત પોતાના વસ્ત્રનો પાલવ ધરી દીધો ને કહ્યું, - 'આમાં કરી લો.' એ મહાત્માને કેન્સર થયું હતું. ગુરુદેવે છેલ્લા શ્વાસ સુધી એમને સાચવ્યા. અને એમને પૂર્ણ સમાધિ આપી.

ગુરુદેવ મુંબઈ-મુલુંડમાં ચોમાસું કરી રહ્યા હતા. એ શ્રાવક એમની પાસે આવ્યા. નામ હતું માવજીભાઈ. અનશનની ભાવના વ્યક્ત કરી. ગુરુદેવે યોગ્યતા જોઈને રોજ ૧-૧ ઉપવાસનું પચ્ચક્ખાણ લેવા સમ્મતિ આપી. ગુરુદેવ એમને સમાધિ આપવા માટે મહાત્માઓને તો મોકલતા જ. પોતે પણ રોજ વ્યાખ્યાન પતે એટલે એમના ઘરે એમને સમાધિ આપવા જતા. ગુરુદેવની આ કૃપાવૃષ્ટિને ઝીલતા ઝીલતા પ્રાયઃ ૩ મહિનાના ઉપવાસ કરીને માવજીભાઈએ સદ્ગતિ તરફ પ્રયાણ કર્યું. જે પોતાના ગુરુભાઈ કે શિષ્ય ન હતા. જે સાધુ પણ ન હતા, જે એક શ્રાવક હતા, પણ ગુરુદેવે એમને પોતાની નિશ્રામાં અનશન કરવાની સમ્મતિ પણ આપી અને નિશ્રા આપીને નિભાવી પણ જાણી.

**ગુરુદેવના જીવનના છેલ્લા વર્ષે ગુરુદેવના ત્રણ શિષ્યોના કાળધર્મ**

**થયા. જેમની સાથે ગુરુદેવની સગાઈ થઈ હતી એ સાધ્વીજી ભગવંતનો પણ કાળધર્મ થયો. પોતાની અવસ્થા, પીડા– બધું જ અવગણીને ગુરુદેવે આ ચારે આત્માને સમાધિ આપવા માટે પૂર્ણ પરિશ્રમ લીધો. હૃદયના ઉત્કૃષ્ટ ભાવો સાથે ચારે ને અંતિમ આરાધના કરાવી અને સદ્‌ગતિનું અદ્‌ભુત ભાથું બાંધી આપ્યું.**

આ હતો ગુરુદેવનો અક્ષય-સમાધિનિધિ. જીવનમાં અનેકોને એવી સમાધિ આપી કે ગુરુદેવે પોતાની સમાધિને નિશ્ચિત બનાવી દીધી. ગુરુદેવનો અંતિમ સમય સંપૂર્ણ પીડા રહિત હતો. ગુરુદેવ કેટલાય દિવસથી સર્વનિવૃત્તિ લઈને આત્મામાં ઉતરી ગયા હતા. છેલ્લા ત્રણ દિવસથી દિવસ-રાત અખંડ ચાલી રહેલ અરિહંતની ધૂને એક દિવ્ય વાતાવરણ ઊભું કર્યુ હતું.

**ગુરુદેવ ૧૫ દિવસ પહેલા કહી ચૂક્યા હતા કે ''હવે હું ૧૫ દિવસ જ છું.'' ગુરુદેવના શબ્દો હતા – ''મોદી ગુજરાતના C.M. માંથી ભારતના P.M. બનવા માટે જે રીતે ગુજરાતથી દિલ્હી ગયા, એ રીતે મારે પરલોકમાં જવા પ્રયાણ કરવું છે.'' ગુરુદેવના એક રુંવાડામાં પણ મૃત્યુનો ડર ન હતો. અંગત શ્રાવકોને પણ એમણે પોતાના પ્રયાણની વાત કરી, ત્યારે એ વાત કરતા કરતા ગુરુદેવ હસી રહ્યા હતા. અમારા માટે જે વજ્રાઘાત પ્રયાણ હતું. એ ગુરુદેવ માટે પ્રસન્ન પ્રયાણ હતું. ગુરુદેવ માટે ઉત્તરાધ્યયન આગમવૃત્તિ નું વચન તદ્દન યથાર્થ હતું.**

**सकाममिव सकामम् ।**

**હકીકતમાં સાધુને મરણની ઈચ્છા કરવી એ જ નિષિદ્ધ છે, છતાં સાધુના મરણને સકામ મરણ કહેવાય છે. કારણ કે સાધુને મૃત્યુનો કોઈ ભય હોતો નથી, અને સાધુ મૃત્યુમાં પણ પ્રસન્ન હોય છે. ગુરુદેવ પરમ પ્રસન્ન હતા. ગુરુદેવ માટે એ મૃત્યુ હતું જ નહીં, ફક્ત ઉત્સવ હતો. યાદ આવે સૂત્રકૃતાંગવૃત્તિ –**

सर्वत्यागमहोत्सवाय मरणम् ।

***મૃત્યુ શું છે ? હકીકતમાં સર્વત્યાગનો મહોત્સવ છે.***

ગુરુદેવ બે વર્ષથી એવું માનતા હતા કે 'તબિયત સારી હોય, ને સારી છે એમ કહીએ તો વખાણની ખીચડી દાઢે વળગે. તબિયત બગડી જાય. તેથી સારી છે એવું ન કહેવું – જેમ છે એમ છે એમ કહેવું.' ગુરુદેવ આવો જવાબ આપતા. થોડા દિવસો પહેલા મેં ગુરુદેવને હળવાશમાં કહ્યું હતું. ''આપ તબિયત સારી છે, એવું નથી કહેતા, તો ય તબિયત ખરાબ રહે છે ને ? તો હવે એવું કરો, એકદમ સારી છે એમ જવાબ આપવાનો.'' ગુરુદેવ મારા મમ્મી પપ્પા હતા, ભાઈ હતા, સાથે સાથે બહુ અંગત મિત્ર હતા. મેં દિલ ખોલીને વાત કરવામાં કાંઈ બાકી નથી રાખ્યું અને ગુરુદેવે મારા પર વિશ્વાસ મુકીને મને કાંઈ કહેવામાં પ્રાયઃ કસર નથી રાખી. (કોઈની આલોચનાદિ સિવાય) ગુરુદેવે તે દિવસે મારી રમૂજને પ્રાયઃ રમૂજ તરીકે જ લીધી.

ગુરુદેવની વિદાયના બે જ દિવસ પૂર્વની વાત... અરિહંતની ધૂન ગુંજી રહી હતી. ગુરુદેવ બંધ આંખે સાંભળી રહ્યા છે. જે પૂછીએ એના જવાબ ઈશારાથી આપી રહ્યા છે. હું ગુરુદેવની બાજુમાં હતો. ''સાંભળો છો ને ગુરુ મહારાજ !'' એમ વચ્ચે વચ્ચે પૂછતો હતો. ગુરુદેવ સમ્મતિ સૂચક માથું હલાવી જવાબ આપતા હતા, પછી મેં પૂછ્યું, ''સારું છે ગુરુ મહારાજ ?'' ગુરુદેવે તત્ક્ષણ તીવ્ર વેગથી સમ્મતિસૂચક માથું હલાવ્યું. જેનો સ્પષ્ટ અર્થ એ થતો હતો કે, 'મને એકદમ સારું છે. અથવા એકદમ એકદમ સારું છે.'

આ પ્રતિભાવના મૂળમાં મારી સલાહ કારણ ન હતી, ગુરુદેવનો સમાધિ ઉત્સવ કારણ હતો. ત્રણ દિવસના આ સમાધિયજ્ઞમાં જે સાક્ષી બન્યા તે સહુ માટે આ અવસર અવિસ્મરણીય બની ગયો. હોલમાંથી બહાર ગયા પછી કે દૂર ગયા પછી પણ એ ધૂન સતત અંતરમા ગુંજતી રહી. ગુરુદેવના ગયા પછી પણ એ ધૂન શમી નહીં. એ માહોલ એ વાતાવરણ... એ વાઈબ્રેશન્સ... આ બધું ભીતરમાં ઘુમરાતું રહ્યું. પરમ સમાધિ સાથે ગુરુદેવે દેહ છોડ્યો. યાદ આવે રઘુવંશ...

**योगेनान्ते तनुत्यजाम् ।**

**અંતે યોગથી-યોગપૂર્વક દેહનો ત્યાગ કરનારા...**

પૂ. ઉદયવલ્લભસૂરીશ્વરજી મહારાજા આ સમાધિ પર્વના સાક્ષી હતા. એમણે કહ્યું. ''જો આવું મૃત્યુ મળતું હોય, તો પૂજ્યશ્રીએ ખાલી કરેલી શય્યા પર હું હમણા સૂઈ જવા તૈયાર છું.''

છ'રી પાલિત સંઘપ્રયાણના પૂર્વે મહોત્સવ હોય છે. ચતુર્વિધ સંઘની હકડેઠઠ હાજરી હોય છે. ભારે દબદબા સાથે ભવ્યાતિભવ્ય કાર્યક્રમો થાય છે. ભરચક ભીડ વચ્ચેથી બેન્ડ બાજા સાથે સંઘ પ્રયાણ કરે છે. બસ, ગુરુદેવનો સમાધિઉત્સવ અને ગુરુદેવનું મહાપ્રયાણ આવું હતું.

ગુરુદેવ આગમિક વિધિ મુજબ ક્ષમાપના, યથાશક્ય અનશન, મહાવ્રત ઉચ્ચારણ વગેરે બધું કરીને પૂર્ણ સજ્જ થયા હતા. આગમિક વિધિ મુજબ છેલ્લા દિવસોમાં શિષ્ય, ભક્ત, શ્રુતરક્ષા, શાસનલક્ષી કાર્યો વગેરે સમસ્ત બાહ્ય નિમિત્તોથી દ્રવ્ય અને ભાવથી સંપૂર્ણ જુદા થઈને એક માત્ર આત્મામાં ઉતરી ગયા હતા. અમારા જેવા ઘણા - જેઓ ગુરુદેવના પ્રયાણને હરગીઝ ન'તા ઈચ્છતા - જાણીને અમે એવું કોઈ શ્રુત વગેરેનું પ્રયોજન લઈને ગયા. તો ગુરુદેવના પ્રતિભાવનો સાર એ જ હતો - ''હવે મારી એ ભૂમિકા નથી.. હવે તમે કરી લો...''

**ગોચરી વપરાવવાની-દવા લેવડાવવાની અમારી વૃત્તિ જોઈને ગુરુદેવ બોલ્યા હતા... ''તમારે મારું આયુષ્ય વધારવું છે, પણ ચોથની પાંચમ થવાની નથી.'' મહાપુરુષે સહજ કહેલા આ ઉદ્ગારો હતા. ચોથની રાતે ૨.૪૨ વાગે ગુરુદેવે મહાપ્રયાણ કર્યું. પાંચમની સવાર ન પડી.**

૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજા મૃત્યુજ્ઞાનના કેટલાક પરિબળો આપે છે -

**णाणं चागम देवयहा पइ सुमिण ।**

***આગમથી, દેવતાથી, પ્રતિભાથી સ્વપ્નથી... વગેરેથી***

***મૃત્યુજ્ઞાન થાય અને તેના દ્વારા***

***મહાત્મા અંતિમ આરાધનાની તૈયારી કરી લે.***

દેવતા શી રીતે કહે ? એના સંદર્ભમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

**चारित्री प्रायो देवतापरिगृहीतो भवति ।**
**तस्योचितमन्यदपि सा कथयत्येव ।**

***સંયમી મહાત્માના પ્રાયઃ કોઈ ભક્ત દેવતા હોય છે. એ મહાત્માને ઉચિત બીજું પણ જે હોય, તે એ દેવતા તેમને કહે જ છે.***

ગુરુદેવને મૃત્યુજ્ઞાન બે પરિબળથી થયું હતું. (૧) આગમ = જ્યોતિષ સંબંધી શાસ્ત્ર (૨) દેવતા. એક વ્યક્તિએ ત્રણ દિવ્ય સંદેશ પામીને ગુરુદેવને જણાવ્યું હતું. જેમા પહેલો સંદેશ એ વિષે હતો કે - એમનું મહાપ્રયાણ ક્યારે થશે ? બીજો સંદેશ એ વિષે હતો કે તેઓશ્રી પરલોકમાં ક્યાં ઉત્પન્ન થશે. ત્રીજો સંદેશ એ વિષે હતો કે તેઓશ્રીનો મોક્ષ ક્યારે અને કેવી રીતે થશે.

**સહજ રીતે સંયમીને અંત સમયે આ ત્રણ જિજ્ઞાસા હોય અને દેવતાએ આ ત્રણે જિજ્ઞાસાનો જવાબ આ ત્રણ સંદેશ દ્વારા આપ્યો હતો. મહાપ્રયાણ ક્યારે ? એનો જવાબ સાચો પડ્યો હતો. બીજો સંદેશ - પરલોકમાં ક્યાં ઉત્પન્ન થશે. એનો જવાબ હતો - બીજા વૈમાનિક દેવલોકમાં. ત્રીજો સંદેશ - મોક્ષ ક્યારે અને કેવી રીતે - એનો જવાબ હતો - આવતી ચોવીશીના અગિયારમા તીર્થંકર શ્રી સુવ્રતસ્વામી ભગવાનના ગણધર થઈને મોક્ષે જશે.**

મહાપ્રયાણના ઘણા દિવસો પૂર્વે મળેલ આ સંદેશાઓનો પ્રથમ સંદેશ સાચો પડ્યો. તેથી શેષ સંદેશા માટે પણ સહજ રીતે સત્યત્વની પ્રતીતિ થાય છે. ગણધર નામકર્મની જે યોગ્યતા યોગબિન્દુ આદિ શાસ્ત્રોમાં બતાવી છે. તે તથા તેથી વધુ યોગ્યતા પણ ગુરુદેવમાં સ્પષ્ટ દેખાતી જ હતી. **तच्चं पुण भवगहणं णाइक्कमइ** - ત્રીજા ભવથી વધુ સદ્ગુરુનો સંસાર નથી હોતો - આ ભગવતીસૂત્રનો પાઠ પણ આ સંદેશને પુષ્ટ કરે છે. છતાં આવી બાબતના દાવા ય ન હોય અને પુરાવા ય ન હોય. પોતે શું માનવું એ વ્યક્તિગત બાબત છે. છતાં પ્રથમ સંદેશની યથાર્થતાને આંશિક

પુરાવો માની શકાય. ગુરુદેવના જીવનને - એમના ગુણોને - એમની પરિણતિને પણ પુરાવો માની શકાય.

**ગુરુદેવ અમારી દુનિયા હતા. સમાધિમૃત્યુ સાધીને ગુરુદેવ બધું જ જીતી ગયા. પણ અમને અમે બધું જ હારી ગયા હોઈએ એવું લાગે છે. ગુરુદેવ બધું જ ખાલી કરીને ગયા છે. ગુરુદેવ બધું જ ભરી દે એટલી પ્રાર્થના સાથે વિરમું છું.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ
લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

શ્રી શીતલનાથ દાદાની પાવન છાયામાં
શ્રી દશાપોરવાડ જૈન સંઘ, મુક્તિદ્વાર,
પાલડી, અમદાવાદ.
અષાઢ વદ ૯, વિ. ૨૦૭૭

(ગુરુદેવની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે સદ્ગુરુ સપ્તાહમાં સાત દિવસ ગુરુદેવના ગુણાનુવાદ કરવાના હતા, એની ભૂમિકારૂપે આ પુસ્તકનો પ્રારંભિક ભાગ લખેલ. પછી મારા અને શ્રીસંઘના પરમ સૌભાગ્યથી વિવિધ સમુદાયોના પૂજ્યો દ્વારા ગુણાનુવાદનો લાભ મળ્યો. સપ્તાહ પછી મેં જે ગુણાનુવાદ કર્યા એ આગળ લખાયેલા છે. તેથી પુસ્તકના કવનમાં ભેદ આવેલ છે. તે બદલ ક્ષમાયાચના.)



**• ગુરુદેવના અન્ય પુસ્તકો •**

(૧) **ગુરુ અમૃત કી ખાન**
(જાત અનુભવની ઉજાણી)

(૨) **યાદ આવે મોરી મા**
(બાળક, મા અને યાદો)